## 1. ટૂંક નોંધ લખો : મહાનગરપાલિકાની રચના

- મહાનગર પાલિકાની રચના માટે નીચેના કેટલાક માપદંડો નક્કી કરવામાં આવ્યા છે.
- વસ્તી : ત્રણ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરને કે મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવે છે. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર એમ કુલ 8 મહાનગરપાલિકાઓ છે. પચાસ લાખની વધુ વસ્તીવાળા શહેરને મહાનગર નિગમ (મેગાસિટી)નો દરજ્જો અપાયો છે. ભારતમાં મુંબઈ, ચેન્નઈ, દિલ્હી, કોલકાતા એમ ચાર મેગાસિટી આવેલા છે.
- ચૂંટણીઃ શહેરની વસ્તીને સરખે હિસ્સે વહેંચી વોર્ડની રચના થાય છે. એક ઉમેદવાર વધુમાં વધુ બે વોર્ડથી ઉમેદવારી નોંધાવી શકે છે.
- બેઠકોઃ સરકારી નીતિ અનુસાર S.C, ST, OBC અને મહિલાઓ માટે અનામત બેઠકો રાખવામાં આવે છે.
- ઉમેદવારો : 21 વર્ષથી વધુ ઉંમરના કરાર કરવા સમર્થ ભારતીય નાગરિક ઉમેદવારી નોંધાવી શકે છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ઉમેદવાર વધુમાં વધુ બે બાળકો ધરાવી શકે છે. 2015 પછી ઉમેદવારના નિવાસસ્થાને શૌચાલય અનિવાર્ય બનાવ્યું.

## 2. ટૂંક નોંધ લખો : મહાનગરપાલિકાના નાણાકીય સ્રોત

- મહાનગર પાલિકાના નાણાંકીય સ્રોતમાં મુખ્યત્વે મકાનવેરો, જકાતવેરો, વેચાણવેરો, પાણીવેરો, મનોરંજન વેરા, સરકારી સહાય તેમજ ધારાસભ્યો અને સંસદ સભ્યોના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ મુખ્ય છે.

## 3. ટૂંક નોંધ લખો : સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલા સશક્તિકરણ.

- પંચાયતથી માંડીને પાર્લામેન્ટ સુધીની તમામ રાજકીય નિર્ણય ઘડતરની સંસ્થાઓમાં, સરકારી માળખામાં તેમજ તમામ ક્ષેત્રોમાં મહિલાઓની સામેલગીરી કરવાની માંગ એટલે 'મહિલા સશક્તિકરણ.' સમાજમાં મહિલાઓની વસ્તી પુરુષોની જેટલી જ છે. છતાં મહિલાઓને પોતાના વ્યક્તિત્વ વિકાસ અને અભિવ્યક્તિની સમાન તકો પ્રાપ્ત થઈ નથી, મહિલાઓ પ્રત્યેના ભેદભાવયુક્ત વર્તને તેઓને સમાજમાં હાંસિયામાં ધકેલી દીધા છે.
- ભારતીય સમાજની કેટલીક રૂઢિઓ કે રીતરીવાજો એ મહિલાઓને શોષણના ભોગ બનાવ્યા તો પુરુષપ્રધાન સમાજે પણ જાણીબુજીને મહિલાઓને પાછળ રાખ્યા છે. આથી જ મહિલાઓના સર્વાંગી ઉત્થાન માટે નિર્ણય પ્રક્રિયાના ઘડતરમાં અને તેના અમલમાં ભાગીદાર બનાવવાની ઝુંબેશ તરીકે મહિલા સશક્તિકરણની શરૂઆત થઈ.મહિલા સશક્તિકરણના ભાગરૂપે સામાજીક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક, ધાર્મિક એમ દરેક ક્ષેત્રોએ મહિલા ઉત્કર્ષની યોજનાઓ અમલમાં મૂકાઈ છે.
- જે અંતર્ગત રાજકીય ક્ષેત્રે મહિલાઓને સહભાગીદાર બનાવવા ગ્રામ પંચાયતોમાં 50 % સીટો મહિલાઓ માટે અનામત રાખવામાં આવેલ છે. ક્રમાનુસાર સરપંચની સીટોમાં મહિલાઓને અનામતના જોગવાઈ છે.(જો કે મહિલા સરપંચ હોવા છતાં કુટુંબના પુરુષ વર્ગ જ સત્તાના સૂત્રો સંભાળે છે.) બંધારણમાં સ્ત્રીપુરુષને સમાનતક તેમ જ સમાન સામાજિક ન્યાયનો આદર્શ વ્યક્ત કરવામાં આવ્યો છે. સન 2001ને મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે જાહેર કરી સમાજમાં મહિલાઓના દરજ્જા અને વાસ્તવિક પરિસ્થિતિમાં તરફ દુનિયાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે.